# પેઢીમાં લોન લેવા ગયેલા ઉદ્યોગપતિને ૧.૧૧ કરોડનો ચૂનો..!

## ચાર વર્ષથી ચાલતી લોન પ્રક્રિયા દરમ્યાન તબક્કાવાર ઈન્ફોસીટી સ્થિત નોન બેંકીંગ ફાયનાન્સ કંપનીએ થલતેજના ઉદ્યોગપતિ પાસેથી રૂ. ૧.૧૧ કરોડ પડાવ્યા પરંતુ લોન ન મળી

ગાંધીનગર, તા. ૩

અમદાવાદના થલતેજ વિસ્તારમાં રહેતા ઉદ્યોગપતિએ ઈન્ફોસીટી સ્થિત નોન બેંકિંગ ફાયનાન્સ કંપનીમાંથી આઠેક કરોડની લોન મેળવવા પ્રોસેસ કરી હતી. ચાર વર્ષથી ચાલતી લોન પ્રક્રિયા દરમ્યાન તબક્કાવાર ઉદ્યોગપતિ પાસેથી રૂ. ૧.૧૧ કરોડ પડાવવામાં આવ્યા પરંતુ આજ દિન સુધી લોન ન થતા અંતે બે શખ્સો સામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ઉદ્યોગપતિએ ફરીયાદ નોંધાવી છે. સમગ્ર છેતરપીંડીની તપાસ પી.આઈ. પી.બી. ચૌહાણે શરૂ કરી છે.

થલતેજ વિસ્તારમાં રહેતા ઉદ્યોગપતિ પંકજભાઈ ત્યાગીએ ઈન્ફોસીટી ખાતે સ્થિત એન.બી.એફ.સી. (નોન બેંકિંગ ફાયનાન્સ કંપની)માં લોન માટેની પ્રોસેસ ૧૦ ઓક્ટોબર-૨૦૧૧થી કરી હતી. ઈન્ફોસીટી સુપરમોલ ૨૧૦/સી ખાતે સ્થિત ઓફીસમાં અંદાજે આઠેક કરોડની લોન માટેની પ્રોસેસ થયા બાદ કંપની દ્વારા વાયદાઓ આપવામાં આવતા હતા. ઉદ્યોગપતિ પંકજભાઈ ત્યાગીને શંકા જતાં આર.બી.આઈ.માં સમગ્ર કંપની અંગે ખરાઈ કરવા પત્ર લખ્યો જેનો વળતો જવાબ આવ્યો કે તેને આર.બી.આી. સાથે કોઈ લેવા દેવા નથી. ચાર વર્ષ દરમ્યાન લોન પ્રોસેસ માટે તબક્કાવાર રૂ. ૧,૧૦,૮૦,૦૦૦ પડાવી લીધા હોવાથી ઉદ્યોગપતિએ આ મામલે એન.બી.એફ.સી. ચલાવતા સે. ૩ ખાતે રહેતા રશીક એ. જયસ્વાલ અને મુંબઈ રહેતા અજયસિંગ હરીનાથ મળીને બે શખ્સો સામે ઈન્ફોસીટી પોલીસસ્ટેશનમાં છેતરપીંડી-વિશ્વાસઘાત બદલ ફરીયાદ નોંધાવતા પી.આઈ. પી.બી. ચૌહાણે વધુ તપાસ આરંભી છે.



## આર.ટી.ઓ. કચેરીના મીટર રૂમમાં શોર્ટ સર્કીટથી આગ

ગાંધીનગર આર.ટી.ઓ. ખાતે આજે બપોરના અરસામાં અચાનક મીટર રૂમમાં શોર્ટ સર્કીટ થતાં આગ લાગી હતી. મીટર રૂમમાં બીન જરુરી સામાન ભરીને સ્ટોર રૂમ બનાવી દેવામાં આવેલો હતો. જયાં શોર્ટ સર્કીટથી આગ લાગતા ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરીને બોલાવી લેવાઈ હતી. ફાયર ઓફીસર મહેશ મોડ ઘટના સ્થળે કાફલા સાથે પહોંચી ગયા હતા અને આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે કોઈ જાનહાની કે મોટું નુકશાન આગ દુર્ઘટનામાં થયુ ન હતું પરંતુ તાત્કાલીક બિનજરૂરી સામાન મીટર રૂમમાંથી ખસેડી લેવા અને ફરી મીટરરૂમમાં સામાન ન મુકવા સુચના આપી દીધી હતી.

# લોન અપાવવાના બહાને ૭૭ હજારની છેતરપીંડી

## ચેન્નાઈની મુરૂગપ્પા ગ્રુપના કર્મચારીએ રૂ. ૬ લાખની લોન કરી આપવા તબક્કાવાર પોતાના બેંક ખાતામાં રૂપિયા નંખાવ્યા હોવાની સેક્ટર-૩૦ના યુવાનની ફરીયાદ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ ખાતે રહેતા યુવાનને ચેન્નાઈની મુરૂગપ્પા ગ્રુપના કર્મચારીના નામે એક શખ્સે કોલ કર્યો અને રૂ. ૬ લાખની લોન કરી આપવાના બહાને પોતાના બેંક એકાઉન્ટમાં તબક્કાવાર રૂ. ૭૭,૧૧૫ નંખાવી લોન ન કરીને છેતરપીંડી આચરી હોવાની પોલીસ ફરીયાદ યુવાને સે. ૨૧ પોલીસમથકે નોંધાવી છે. પીએસઆઈ સી.બી. ચૌહાણે ગુનો દાખલ કરીને ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૩૦ બ્લોક નં. ૨૯૦/૨ ખાતે રહેતાં તન્મય અભિમન્યુ વિશ્વાસને રૂ. ૬ લાખની જરૂર હતી. રૂ. ૬ લાખની લોન કરાવી આપવા માટે ૩૦ એપ્રિલે મુરૂગપ્પા ગ્રુપ ચેન્નાઈના કર્મચારી સાથે વાતચીત થયા બાદ લોન કરાવી આપવા માટે રૂ. ૭૭,૧૧૫ તબક્કાવાર તન્મય પાસેથી માંગીને મુરૂગપ્પા ગ્રુપના કર્મચારીએ પોતાના બેંક ખાતામાં નંખાવ્યા હતા. આજદિન સુધી રૂ. ૬ લાખની લોન પણ મંજૂર ન થતાં પોતાની સાથે છેતરપીંડી થયાનું ધ્યાને આવતા તન્મય વિશ્વાસે સે. ૨૧ પોલીસમથકમાં અજાણ્યા કર્મચારી સામે રૂ. ૭૭,૧૧૫ થી થયેલી છેતરપીંડી અંગે ફરીયાદ આપી છે. સે. ૨૧ પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગે ગુનો દાખલ કરી ગુનાની તપાસ શરૂ કરી છે.

### કેવી રીતે છેતરપીંડીની જાળમાં ફસાવાયો..?

મુરૂગપ્પા ગ્રુપ ચેન્નાઈથી વાત કરૂ છુ... તન્મય વિશ્વાસને ૩૦ એપ્રિલે ફોન આવ્યો અને કહ્યું કે તમે અગાઉ એસબીઆઈમાંથી લોન લીધી છે અને સમયસર લોન ભરપાઈ પણ કરી છે. તમારી ક્રેડીટ સારી છે એટલે મુરૂગપ્પા તમને લોનની જરૂર હોય તો આપવા તૈયાર છે. તેમ કહીને વાતોમાં ફસાવી તન્મયને કહ્યું કે તમારે લોનની જરૂર હોય તો કહો..! તન્મયે રૂ. ૬ લાખની લોનની જરૂર હોવાનું કહેતા પહેલા લોન ફી બેંક ખાતામાં નંખાવી... ત્યાર બાદ વીમો લેવો પડશે તે માટે રૂ. ૨૯૯૧૫ ખાતામાં નાંખવાનું કહ્યું... તન્મયે રૂ. ૩૦ હજાર જમા કરાવી દીધા એટલે ફરી ફોન આવ્યો કે ૩૦ હજારથ નહી ચાલે, મે જેટલી રકમ કહી તેટલી જ જમા કરાવો..! તમારા ૩૦ હજાર ડેમો એકાઉન્ટમાં જમા થઈ ગયા છે.

તન્મયે રૂ. ૨૯૯૧૫ ફરી જમા કર્યા. એટલે ફોન પર વાત કરી રહેલા મુરૂગપ્પાના કર્મચારીએ કહ્યુ કે જેવા તમારા રૂપિયા અમારા ખાતામાં પડશે તેના પાંચ મિનિટમાં લોન સેન્સન થઈ જશે અને તમારા ખાતામાં લોનની રકમ જમા થઈ જશે તે વાતને પણ કલાકો... દિવસો થયા પણ લોન જમા ન થઈ..! તન્મયે ફરી ફોન કર્યો તો કહ્યું કે તમારા પાનકાર્ડના નંબરમાં ખામી છે. કંટાળેલા તન્મયે કહી દીધુ કે મારે લોન નથી જોઈતી તમે મે જમા કરાવેલા રૂ. ૭૭,૧૫૫ પાછા લાવો. બે દિવસમાં તમારા રૂપિયા તમારા ખાતામાં જમા થઈ જશે કહીને કર્મચારીએ ફોન મુકી દીધો... પરંતુ આજ દિન સુધી તે રૂપિયા પરત મળ્યા નહી કે લોન પણ મંજુર થઈ નહી..! સમગ્ર છેતરપીંડી ટેલીફોનીક વાતચીતમાં જ થઈ હતી.

## ગાંધીનગર એસઓજીનો સપાટો એક જ દિવસમાં ચાર કેસ

### એસઓજીએ ગાંધીનગર શહેરમાં એક અને માણસામાં ત્રણ જાહેરનામા ભંગ કરનારને પકડ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાએસઓજીએ આજે જિલ્લામાં સપાટો બોલાવ્યો હતો. અલગ અલગ જગ્યાએ છાપો મારતા જાહેરનામા ભંગ કરનાર ચાર લોકો સામે ફરિયાદ નોંધી છે. ગાંધીનગર જિલ્લામાં અનૈતિક પ્રવૃત્તિઓ ઉપર લગામ રાખવા માટે ગાંધીનગર એસઓજીની ટીમે અલગ અલગ જગ્યાએ દરોડા પાડ્યા હતા. સેક્ટર-૨૦માં મકાન ભાડે આપનાર મકાન માલિક વાઘજી ગોવિંદ દેસાઈની સામે મકાન ભાડે આપી જાણ ન કરવા બદલ, માણસામાં હોટલ રંગીલાના માલિક ભેરૂસિંહ ભીમાજી ચંદારાણા લાયસન્સ વિના હોટલ ચલાવી રહ્યો હતો. તેની સામે લાયસન્સ વિના હોટલ ચલાવવાના જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે.

માણસા સ્થિત હેત કોમ્યુનિકેશનના માલિક કેતન પટેલ સીમકાર્ડનું વેચાણ કરતો હતો. સીમકાર્ડ વેચાણનું રજીસ્ટર મેઈન્ટેઈન કરતો ન હતો અને સીધાજ સીમકાર્ડ પધરાવતો હતો. તેમજ માણસાની જ હોટલ ભગવતીના માલિક ધીરજ ગોવિંદ પટેલ સામે પણ લાયસન્સ વિના હોટલ ચલાવવા બાબતે જાહેરનામા ભંગનો ગાંધીનગર એસઓજીની ટીમે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## તા. ૧લી જુલાઈથી સરકારી કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૬ ટકા વધવાની શકયતા

ગાંધીનગર, તા.૩

કેન્દ્રીય અને રાજય સરકારના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું તા. ૧લી જુલાઈ ૨૦૧૫થી ૧૧૯ ટકા થઈ જશે. જેથી મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો નિશ્ચિત બન્યો છે. હાલમાં ૧૧૩ ટકા મોંઘવારી ભથ્થું ચુકવવામાં આવે છે. લેબર બ્યુરો દ્વારા જારી કરાયેલ આંકડા મુજબ ગણતરી થાય છે.

**રક્તદાન મહાદાન**




ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તમાકુ વિરોધી દિવસની ઉજવણી અંતર્ગત યોજાયેલ વ્યાખ્યાનમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહે સફાઈ કામદારો અને કર્મચારીઓને તમાકુના વ્યસનથી થતા રોગોની જાણકારી આપી વ્યસનથી દૂર રહેવા જણાવ્યુ હતુ. આ પ્રસંગે આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટ અને મનપાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# શહેર આસપાસ હિટ એન્ડ રનનાં બે બનાવ

## રાત્રે અડાલજ નજીક ૧૫ વર્ષના કિશોરને અને વહેલી વસારે છાલા નજીક ૩૫ વર્ષીય મહિલાને ચગદી નાંખીને અજાણ્યા વાહનચાલકો ફરાર : બંને મૃતકોની ઓળખ થઈ નથી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર આસપાસ ગઈ સાંજથી વહેલી સવાર સુધીના સમયગાળાં બે બનાવ હીટ એન્ડ રનનાં બન્યા છે. રાત્રે અડાલજ નજીક એફ.સી.આઈ.ના ગોડાઉન સામે આશરે ૧૫વર્ષના કિશોરને કોઈ વાહને અડફેટે લઈ કચડી માર્યો હતો અને વાહન સાથે ચાલક પળવારમાં ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ વહેલી સવારે છાલા બસ સ્ટેન્ડ સામે ૩૫ વર્ષીય મહિલાને અડફેટે લઈ અજાણ્યા વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. બંને મૃતકોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી કે કોણ તેમને ટકકર મારીને મોતને ઘાટ ઉતારી ગયું તે પણ બહાર આવ્યું નથી. મળતી માહિતી મુજબ અમદાવાદ-કલોલ હાઈવે પર સ્થિત અડાલજ નજીકના એફસીઆઈ ગોડાઉન સામેના માર્ગ પરથી પસાર થતા આશરે ૧૫ વર્ષના અજાણ્યા કિશોરને કોઈ વાહને ટકકર મારી મોતને ઘાટ ઉતાર્યો હતો. ગઈ મોડી સાંજે સાડા નવ વાગ્યાના અરસામાં બનેલી આ ઘટના અંગે આલજ પોલીસને જાણ થતાં જમાદાર ભીખાભાઈ તથા પદમસિંહ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બ્લેક પેન્ટ અને બ્લ્યુ શર્ટ પહેરેલા કિશોરના મૃતદેહને પીએમ માટે મોકલી તેની ઓળખ માટે પોલીસે તજવીજ શરુ કરી છે તો બીજી તરફ ટકકર મારીને ફરાર થઈ ગયેલા વાહન ચાલકને શોધવા પણ તપાસ આરંભી છે.

છાલા બસ સ્ટેન્ડ સામે સવારે ૬ વાગ્યાના અરસામાં અજાણ્યા વાહને અજાણી ૩૫ વર્ષની મહિલાને ટકકર મારી દેતા તે મોતને ભેટી હતી. અકસ્માત બાદ વાહન સાથે ચાલક ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે મૃતકની ઓળખ માટે અને આરોપી સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

## વિરમગામ ક્ષત્રિય ઠાકોર સમાજનું મહાસંમેલન યોજાયુ

### બિન રાજકીય સંમેલનમાં શિક્ષણ અને વ્યસન મુક્તિ પર ભાર મુકવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૩

વિરમગામ ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઠાકોર સમાજને શિક્ષિત કરવાના ઉદ્દેશ સાથે મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. સંમેલન બાદ વિરમગામના માર્ગો પર વિશાળ જનમેદની રેલી યોજાઈ હતી.

ઠાકોર સમાજને શિક્ષણ, સંગઠન અને શક્તિના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે વિરમગામ સ્થિત ગાંધી હોસ્પિટલ સામેના મેદાનમાં વિરમગામ ક્ષત્રિય સેનાનું મહાસંમેલન યોજાયું હતું. સંમેલનમાં વિરમગામ તાલુકો, માંડલ, દેત્રોજનો ક્ષત્રિય સમાજ ઉપસ્થિત રહ્યો હતો.

બિન રાજકીય સંમેલનમાં વ્યસનમુક્તિ અને શિક્ષણ પર વધુ ભાર મુકવામાં આવ્યો હતો. તેમજ સમાજના યુવાનો સમાજને આગળ લઈ જવા માટેની ભૂમિકા ભજવે તેવુ આહવાન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ તરીકે વિરમગામના રમેશભાઈ ઠાકોરની નિમણુંક કરવામાં આવી હતી. ત્યારે સૌ જ્ઞાતિજનોએ નિમણુંકને આવકારી હતી. આ સંમેલનમાં ઠાકોર સમાજના નામી અને ફિલ્મ કલાકાર, જગદીશ ઠાકોર, તેજસ ઠાકોર, મુકેશ ઠાકોર તેમજ ભરતભાઈ ઠાકોર, મહામંત્રી ઠાકોર સેના, બળવંતભાઈ ઠાકોર, કાઉન્સિલર, વિરમગામ ન.પા. સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્ય સચિવ અલોરીયાને ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની શુભેચ્છાઓ

ગાંધીનગર, તા.૩

ગુજરાતના નવ નિયુકત મુખ્ય સચિવશ્રી જી.આર. અલોરીયાની નિમણુક તથા ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆ અને ઉપપ્રમુખશ્રી મુળજીભાઈ પરમાર 'દધિ'એ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા છે.

ઉત્તમ વહીવટી સુત્રને આત્મસાત કરીને ગુજરાતને શાંતિ, સમૃદ્ધિ, યશોગાથા અપાવે તેવી પ્રાર્થના કરેલ છે.

### અવસાન નોંધ

સ્વ. લલીતાબેન રમણલાલ પંડ્યાનું તા. ૨૫-૫-૨૦૧૫ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૪-૬-૨૦૧૫ને ગુરૂવારના રોજ સ્વામીનારાયણ મંદિર પાસે મુ.પો. ઉનાવા, જા. જિ. ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૫ કલાક દરમ્યાન રાખેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૩

## તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ઉડી સન એન્ડ્રીસ : ૯.૩૦, ૫.૨૦, ૧૦.૩૫

બે યાર : ૧૨.૦૦

ઈશ્કેદરિયાં : ૨.૩૦

પિકુ : ૭.૨૦

**સ્ક્રીન-૨ :**

વેલકમ ટૂ કરાંચી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૩ :**

વેલકમ ટૂ કરાંચી : ૯.૩૦

બે યાર : ૧૨.૨૦

ગબ્બર હીઝ બેક : ૩.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૬.૦૫, ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

બે યાર : ૧૦.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૧૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. જગજીવન મગનપર્વત ગોસાઈ (ઉ.વ.૭૯) પ્લોટ ૨૫૫/૧, સેકટર-૭એ, ગાંધીનગર
- સ્વ. લક્ષ્મીબેન શીવરામ આર્ય (ઉ.વ.૮૦) બ્લોક નં. ૭૬/૩, ચ-ટાઈપ, સેકટર-૨૦, ગાંધીનગર
- સ્વ. મંગુબેન કાળીદાસ પરમાર (ઉ.વ.૮૦) મુ. રાધેજા, તા.જી. ગાંધીનગર